સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

અચાનક ઉઠે બાન દોરી સંચાર લાગે છે!
'સંહિતા'ને પણ 'ભવિષ્ય'નો વિચાર લાગે છે!
પાપાચાર લાગ્યો છે 'પંચ'ની નિર્ણયશક્તિમાં?!
'ચૂંટણીપંચ' પણ હવે તો લાચાર લાગે છે!!

સ્વાર્થ નો 'યોગ'
રામદેવ કરે છે
દુરુપયોગ..
(ભૂલ્યા 'આસન' દુશાસન)

મત-મમત,
આળને તહોમત -
રાજરમત..
(પ્રતિ આક્ષેપો)

ચિંતન

वरं शृंगोत्संगाद्धिम शिखरेणः क्वापि विषमे पतित्वायं कायः कठिन अद्रुषन्दन्तर्विदलितः ।
वरं न्यस्तो हस्तः फणिपति मुखे तीक्ष्णदशने वरं वह्तो पातस्तदपि न कृतः शीलविलयः ॥

ભતૃહરિજીના નીતિશતકમાંથી આ શ્લોક છે :

'આ શરીર-કાયા હિમાલય જેવા ઊંચા પર્વતના શિખર ઉપરથી છે કે ઊંડી ખાઇમાં પડી અને કોઇ કઠોર પથ્થરો પર અફળાઇ છિન્નભિન્ન થઇ તે સારૂં! ભયાનક-કાલકૂટ-ઝેરીલા દાંતવાળા સાપના મુખમાં હાથ નાખવામાં આવે (-અને જે પરિણામ આવે) તે પણ સારૂં! સળગતી ચિતા જેવા અગ્નિમાં પ્રવેશ કરવામાં આવે અને દેહનો વિલય થઇ જાય તે પણ સારૂં પરંતુ સદાચરણ-શીલ-ચારિત્ર્યનો લોપ થાય એ સારૂં નથી અર્થાત્ જીવનમાં સદાચારનું અતિમૂલ્ય છે.'

જીવનમાં મૂલ્યો, સદાચાર, ચારિત્ર્યનું ખૂબ જ મહત્ત્વ છે. ચારિત્ર્યશીલ માણસ સમાજમાં સન્માનીય-પૂજનીય બને છે પણ ચારિત્ર્યથી પતિત થઇ ગયા પછી સમાજ 'થૂ - થૂ' કરે છે. 'આસારામ-નારાયણ' આના આજના જીવંત દૃષ્ટાંત છે.

આ શરીરના હિમાલયની ઊંડી ખીણમાં પણ વિનાશ થાય, અગ્નિમાં જીવતાં જીવત ભૂંજાઇ જાય કે કોબ્રાના મુખે હાથ નાખી મૃત્યુ પામે એ સારૂં પણ 'બદનામી' સાથે જીવવું એ આવાં મૃત્યુથી પણ વધારે ભયંકર છે.

સુવિચાર

- મૂરખાને શીંગડા હોતા નથી પણ જ્યારે એ બોલે ત્યાં જ એ પરખાઇ જતો હોય છે
  - શરીફા વીજળીવાળા
- સવાલ : અધૂરી રહે છતાં જેનું આકર્ષણ હંમેશા રહે એ શું?? જવાબ : આશ...!!- *નવનીત*
- કોઇને જ્યારે પ્રેમ કરો ત્યારે તમે દુઃખી થતા જ નથી, પણ એ પ્રેમનો બદલો પ્રેમથી મળવો જ જોઇએ એવી અપેક્ષા રાખવા લાગો ત્યારે તમે પ્રેમમાં દુઃખી થવાના *- એસ. ભટ્ટાચાર્ય*
- મન પર માનવીનો કાબૂ એટલે વિકાસ.. માનવી પર મનનો કાબૂ એટલે વિનાશ- *ચિત્રલેખા*
- તમારા ચમત્કાર તમે જાતે જ કરી લ્યો.. કારણ કે ભગવાન બીજે ક્યાંક અતિ વ્યસ્ત છે
  - સુધા મૂર્તિ
- જો આપણી પાસે ધ્યાન દઇને સાંભળવાને કાન હોય તો ઇશ્વર આપણી સાથે આપણી જ ભાષામાં વાત કરે છે - તે ભાષા ગમે તે હોય *- બિલી ગ્રેહામ*
- ભક્તિમાં ઝરમરતાં આંસુ એ જ આપણું તિર્થસ્થાન *- અમૃતબિંદુ*

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણો સ્વભાવ 'અધીરો' છે કોઇ કારણનું પરિણામ જાણ્યા પહેલાં જ 'અપસેટ' થઇ જઇએ. કુવા ખોદનાર ખૂબ ઊંડે સુધી ખોદે પછી માત્ર એકવેંત છેટું પાણી હોય ને ધીરજ ખૂટે-કામ બંધ કરી દે. આપણે પણ જુદા જુદા દેવ-ભગવાન યાત્રાધામોની માનતા કરીએ અને શ્રદ્ધા પરથી પલ્ટી ગુલાંટો મારતા રહીએ છીએ.

એક સંતનું મૃત્યુ થયું એની અંતિમ ઇચ્છા મુજબ દેવદૂતો એને ભગવાનના દર્શનાર્થે લઇ જતા હતા. રસ્તો એક ગોડાઉનમાંથી પસાર થતો હતો. ત્યાં જૂદી જૂની જાતના પેકેટ, ગીફ્ટ પેકીંગ, દાગીનાના બોક્સ, નાની-મોટી અનેક વસ્તુઓ સુંદર અને આકર્ષક પેકીંગમાં પડી હતી.

સંતે દેવદૂતને પૂછ્યું આ બધું શું છે? આવી સુંદર, નવી નક્કોર, વસ્તુઓ અહીં ગોડાઉનમાં ધૂળ ફેમ ખાય છે?

દેવદૂત કહે, આ બધું અધીરા ભક્તોએ માંગેલી વસ્તુઓ છે. હજુ ભગવાન પેકીંગ કરી કુરિયરની વ્યવસ્થા કરે ત્યાં તો ભક્ત પોતાની ઇચ્છા અને શ્રદ્ધા બંને બદલી નાખે! આમ માગેલી વસ્તુઓ પછી અહીં નકામી રહે છે. શ્રદ્ધાળુ ભક્તો પોતાની પ્રાર્થના અને યાચના પર મક્કમ રહ્યા હોય તો તો એમની માગણી જરૂર પુરી થાય પણ અધીરા ભક્તોને શું કહેવું?!

Email - sureshchandrabhatt18@gmail.com

શિક્ષણથી વિદ્યાર્થી વિકાસના બે આયામો વિકસવા જોઈએ - ઊંડાણ અને ઊંચાઈ, જ્ઞાનના અગાધ મહાસાગરના ઊંડાણને એ સ્પર્શી શકે અને વ્યક્તિત્વની ઊંચાઈના આકાશને આંબી શકે તો ચમત્કાર સર્જાય

શિક્ષણ અને જૈન સમાજ

- હર્ષદ પ્ર. શાહ

(ગતાંકથી આગળ...)

ધર્મ એક ક્રાંતિ છે, એક અંતર્બોધ છે, અંતર્યાત્રાનો માર્ગ છે અને પોતાને જાણવાની વિધિ છે. પોતાને જાણ્યા વિના જે જગતને જાણવાની ચેષ્ટા કરે છે તે ભટકે છે, અશાંત રહે છે, ઉદ્વેલિત રહે છે.

ધર્મ સંજ્ઞા નથી, ક્રિયા છે. ધર્મનો અર્થ 'કર્મકાંડ' નહીં 'કર્મ' છે... સાચા અર્થમાં કર્મ! ધર્મનો અર્થ છે ધાર્મિકતામાં નિવાસ કરવો. ધર્મનો આશય છે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ધાર્મિકતાનું અવલંબન કરવું.

મારા મતે ધર્મ અને સંપ્રદાયની આટલી પ્રદીર્ઘ ચર્ચા એ જરા સરખું પણ વિષયાન્તર નથી બલ્કે સામાજિક શિક્ષણનો એક ભાગ છે.

હવે શિક્ષણ ભણી મારી ચર્ચાનું સુકાન ફેરવું. કોઇ પણ સમાજની શારીરિક, બૌદ્ધિક, માનસિક, આધ્યાત્મિક, ભૌતિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ઉન્નતિનો આધાર એટલે શિક્ષણ. એ 'સબ દુઃખોં કી એક દવા' જેવું છે. પણ, જેના ઉપર વ્યક્તિની સંસ્કારિતાનો, સમાજની સ્વસ્થતાનો અને રાષ્ટ્રના સાર્વભૌમત્વ તથા વિકાસનો મદાર છે એવું શિક્ષણ જ સર્વાધિક ઉપેક્ષિત ક્ષેત્ર છે. શિક્ષણનાં અપેક્ષિત પરિણામો અને વાસ્તવિક ચિત્રની તુલના કરીએ તો નીચેના મુદ્દા સ્પષ્ટ થશે -

શિક્ષણથી મનુષ્યનું ચારિત્ર્ય-ઘડતર અપેક્ષિત છે,
પણ ચોતરફ નજરે ચડે છે ચારિત્ર્યનું અધઃપતન.
શિક્ષણથી મનુષ્ય સંસ્કારી બનશે એવી ધારણા છે,
પણ એ દિનપ્રતિદિન અસંસ્કારી અને અભદ્ર બનતો જાય છે.
શિક્ષણથી મનુષ્ય સર્વલક્ષી અને સમાજાભિમુખ બનશે એવું મનાય છે.
પણ એ સ્વાર્થી અને સ્વકેન્દ્રી બનતો જણાય છે.
શિક્ષણથી મનુષ્ય રાષ્ટ્રભક્ત બનશે એવી અપેક્ષા છે,
પણ કેટલાક મનુષ્યો રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત છે.
શિક્ષણથી મનુષ્યમાં આત્મગૌરવ જાગશે એવી આશા છે,
પણ કેટલાયમાં હતાશા અને નિરાશા જ દેખાય છે.

આપણી ધારણા કરતાં વર્તમાન શિક્ષણ વિપરીત પરિણામો જ સર્જી રહ્યું છે એવું સ્પષ્ટ દેખાય છે. એનું એક અત્યંત મહત્ત્વનું કારણ એ છે કે શિક્ષણવેત્તાઓએ એને કારકિર્દી સાથે જોડી દીધું, એનું વ્યાપારીકરણ કરી નાંખ્યું. શિક્ષણ એક સમયે વ્રત હતું, હવે વ્યવસાય બની ગયું. એક સમયે શિક્ષણ સાર્થક જીવન જીવતાં શીખવતું હતું, હવે એ અર્થપ્રધાન બની ગયું.

શિક્ષણથી અપેક્ષિત છે વિદ્યાર્થીનો જ્ઞાનાત્મક વિકાસ, કૌશલાત્મક વિકાસ, ભાવનાત્મક વિકાસ અને ચરિત્રાત્મક વિકાસ. એને બદલે એ માહિતી, ટેકનોલોજી, યાંત્રિકતા, ડિગ્રી, સ્પર્ધા, તુલના અને પરીક્ષાના સકંજામાં સપડાયું. વર્તમાન યુગનો બહુ મોટો અકસ્માત છે આ.

'શિક્ષણની સોનોગ્રાફી' નામના પુસ્તકમાં જૈન મુનિ ઉદયવલ્લભ વિજયજી મહારાજે પોતાની આગવી અને વેધક શૈલીમાં ધારદાર પ્રહારો કર્યા છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં મુનિ મુક્તિવલ્લભવિજયજી લખે છે -

"The heart of education is the education of heart"

આધુનિક શિક્ષણસંસ્થા એવી વાડી છે જ્યાં મગજ ખીલે છે અને હૃદય કરમાય છે. સંસ્કારહીન સાક્ષરને એટમ બોમ્બ કે હાઇડ્રોજન બોમ્બથી જરાય ઓછો જોખમકારક ન ગણી સકાય. રાષ્ટ્રની ધરતી પર પ્રતિવર્ષ આવા લાખો-કરોડો અણુશસ્ત્રોના ખડકલા થતા હોય ત્યારે વર્તમાન શિક્ષણ પ્રક્રિયાને ટેબલ પર સુવાડી તેની સોનોગ્રાફી કરવી ખૂબ જરૂરી બને છે.'

શિક્ષણના ઘડવૈયાઓને જરાય ન પચે એવા આ શબ્દો છે. એની સામે દિશાબોધક અને આશા જગવતા રોહિત શાહના શબ્દો જોઇએ - "પારસમણિના સ્પર્થથી કથીરને કંતન બનતું કોઇએ જોયું નથી, માત્ર સાંભળ્યું છે. પણ, કેળવણી એવો પારસમણિ છે કે જડનેય ચેતન બનાવે છે. આ ઘટના પ્રત્યક્ષ છે."

વર્તમાન શિક્ષણ પ્રત્યે ઊંડી વ્યથા વ્યક્ત કરતાં પૂજનીય વિનોબા ભાવે કહે છે - "જ્ઞાન અને કર્મ વચ્ચે કશો મેળ નથી રહ્યો. કામ કરનારાઓ પાસે જ્ઞાન નથી પહોંચતું અને જેમનો બૌદ્ધિક વિકાસ થયો છે, તેઓ કામ નથી કરતા. એક બાજુ કેળવ માથાં જ માથાં છે, એમને હાથ-પગ નથી અને બીજી તરફ હાથ-પગ છે, પણ માથાં નથી!"

વર્તમાન શિક્ષણપદ્ધતિએ શ્રમનું તો કાટલું જ કાઢી નાખ્યું. સંયમ અને સંસ્કારની વાતો કરનારા વેદિયા ગણાવા માંડ્યા. વાસ્તવમાં જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણીસંગમ ઉપર જ તીર્થરાજ પ્રયાગ વિદ્યમાન છે. એ ત્રણે મળે ત્યાં જ ચારિત્ર્યના રંગો પુરાય.

શિક્ષણની એક સરસ સંકલ્પના વાચકની સામે મૂકવાનું મન થાય છે...

જીવનનો સ્વાભાવિક વિકાસ એટલે ઉત્ક્રાંતિ,

અન્યાય અને અસંતોષની પ્રતિક્રિયા એટલે ક્રાંતિ... પણ, શાંતિ અને સંતોષની ક્ષણે ઉચ્ચ વિચારગાથા જન્મે તે સંક્રાતિ.

સંક્રાંતિ એટલે સમ્યક્ ક્રાંતિ.

જીવનનું ઊર્ધ્વગામીકરણ એટલે સંક્રાતિ અને આવી સંક્રાતિ જન્માવાવાની તાકાત છે શિક્ષણમાં! શિક્ષણના બે આધારસ્તંભ છે - ક્રિયા અને અનુભવ. મહર્ષિ અરવિંદે કહ્યું કે કોઇ કોઇને શીખવી શકતું નથી. આદિ - અનાદિ કાળથી મનુષ્ય જાતે અનુભવથી શીખતો આવ્યો છે, અને વિકસતો આવ્યો છે. મનુષ્યથી વિકસન-પ્રક્રિયાનાં બે આધારભૂત પરિબળો છે - ક્રિયા અને અનુભવ.

જીવનનો પ્રત્યેક અનુભવ શિક્ષણ છે. આ સિદ્ધાંતને આપણે આપણાં ઉપર અને આવનારી પેઢી ઉપર લાગુ કરીશું તો એનાં પરિણામો આનંદપ્રદ જ રહેશે.

આપણા સમાજસેવી લોકલાડીલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે, "માણસના વાવેતર માટેનો સામૂહિક યજ્ઞ એટલે આપણી શિક્ષણ-વ્યવસ્થા. શિક્ષણાં માટેની નિરંતર ભૂખ એ જ સમગ્ર સમાજના વિકાસનું ભાથું બનવું જોઇએ."

આજનો વિદ્યાર્થી એ કાલનો ઉત્તમ મનુષ્ય બની રાષ્ટ્રસેવામાં પ્રવૃત્ત થાય એ ઉત્તમ સ્થિતિ છે. વિદ્યાર્થીએ પોતાનો વિકાસ પોતે જ કરવા સમર્થ બનવું હોય તો નીચેની ત્રણ પ્રક્રિયા સાથે તાદાત્મ્ય સાધવું જોઇએ -

(૧) અવલોકન (જુઓ અને શીખો)
(૨) અધ્યયન (વાંચો અને શીખો
(૩) અવગાહન (વિચારો અને વિકસો)

ઊંડાણપૂર્વક અધ્યયન કરવું અને સમજણ વિકસાવવી એટલે અવગાહન.

શિક્ષણથી વિદ્યાર્થી વિકાસના બે આયામો વિકસવા જોઇએ - ઊંડાણ અને ઊંચાઇ. જ્ઞાનના અગાધ મહાસાગરના ઊંડાણને એ સ્પર્શી શકે અને વ્યક્તિત્વની ઊંચાઇના આકાશને આંબી શકે તો ચમત્કાર સર્જાય. શિક્ષણપ્રક્રિયા દ્વારા વ્યક્તિનું ઊર્ધ્વીકરણ અપેક્ષિત છે. વિચાર-વાણી-વ્યવહારને જો ઊર્ધ્વીકરણનો સ્પર્શ થયો હશે તો અધઃપતનને કોઇ સ્થાન નથી... તે નૈતિકતા અને જીવનમૂલ્યોના જતનની ચિંતા નથી કરવી પડે. વ્યક્તિ-વ્યક્તિના ઊર્ધ્વીકરણમાં જ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ નિહિત છે. શિક્ષણની પ્રક્રિયામાં ઊર્ધ્વીકરણની વાત વિચારવી એ જ શિક્ષણના ઘડવૈયાઓનું સૌથી મહત્ત્વનું કાર્ય હોઇ શકે. મારી કલ્પનાસૃષ્ટિમાં તો મને દેખાઇ રહી છે શિક્ષણની મેઘધનુષી સપ્તરંગી આભા!

(૧) માતાપિતા દ્વારા લાલનપાલન - પ્રેમભર્યો ઉછેર
(૨) પરિવારનું ચારિત્ર્યનિર્મિતિ કરનારૂં વાતાવરણ
(૩) શિક્ષણ દ્વારા આત્મવિશ્વાસ વધારનારૂં ઘડતર
(૪) ઉત્તમ અને પૂર્ણ વિકસિત વ્યક્તિત્વનું સમાજકાર્યમાં વિલીનીકરણ
(૫) માતા-માતૃભાષા-માતૃભૂમિ પ્રત્યેની અનન્ય નિષ્ઠા
(૬) સમગ્ર સૃષ્ટિ અને પ્રકૃતિ સાથે અપ્રતિમ તાદાત્મ્ય
(૭) પરમેષ્ટિ - પરમ તત્ત્વની ચેતનાનો સાક્ષાત્કાર

ચાલો, આપણે બધા મળીને આપણાં સંતાનોમાં નિર્માણ કરીએ -
શરીરમાં શક્તિ, હૃદયમાં ભક્તિ, વૃત્તિમાં વિજય
અને... સ્વભાવમાં અનુશાસન.

શિક્ષણ તો ખળખળ વહેતા નિર્મળ ઝરણા જેવું છે, ખાબોચિયા જેવું બંધિયાર નથી. સરિતાના વહેણમાં સતત વહેતો, અથડાતો, કૂટાતો પથ્થર જેમ કયારેક શાલિગ્રામ બની જાય છે ને પુજાય છે; તેમ શિક્ષણના પ્રવાહમાં નિરંતર વહેતા વિદ્યાર્થીનું પણ છે...

ચાલો, વહેતા રહેવાનો આનંદ મેળવીએ.

જિન શાસનના મહાન તત્ત્વચિંતકો અને ગુરૂજનોનાં આશીર્વાદ મેળવીને આપણા મહાન રાષ્ટ્રના તેજોમય અંગ બનીને દીપી ઉઠીએ.

ગુરૂ દેવો ભવ - રાષ્ટ્ર દેવો ભવ - ભારતમાતા કી જય.

કિન્નરોને ત્રીજી જાતી તરીકે માન્યતા આપતી સુપ્રીમ કોર્ટ

ભારતમાં કિન્નરોની નોંધાયેલી સંખ્યા ૧૯ લાખ

વાત કાયદા કાનૂનની...

- અશ્વિન વી. ત્રિવેદી

કિન્નરોનો ઈતિહાસ રામાયણ, મહાભારત જેટલો જુનો છે પરંતુ ત્યારથી લઈ આજદિન સુધી કિન્નરોને સમાજમાં સ્વીકૃતિ આપવામાં આવેલ ન હોતી જે ભૂલ સુપ્રિમ કોર્ટે સુધારી અંગ્રેજોએ કિન્નરોને અપરાધી ગણેલ તે કાયદો ૧૯૪૯ માં રદ કરવામાં આવેલો પરંતુ કિન્નરોને દેશના નાગરિક તરીકેના સમાન અધિકારો આપવામાં આવતા ન હોતા હવે દેશની સર્વોચ્ચ અદાલતે કિન્નરોને ત્રીજી જાતી તરીકે સ્વીકારી માન્યતા આપીને અન્યાય દૂર કરેલ છે.

શુભપ્રસંગોએ કિન્નરો દ્વારા લાગો ઉઘરાવવા આવે તો પણ સમાજના સામાન્ય નાગરિકો તેમને સ્વીકારતા નથી અને તેમને યેનકેન પ્રકારે ટાળવા સક્રિય પ્રયત્નો કરતા હોય છે લીંગ અંગેનો કાયદેસરતા મળતા હવે કિન્નરોને સમાજમાં સ્થાન મળશે. આમ નાગરિકોને મળતા તમામ લાભો, હક્કો અને સગવડો પણ આ ત્રીજી જાતીનાને આપવામાં આવશે. ભારતના બંધારણમાં દરેક નાગરિકને સમાન ગણવામાં આવ્યા છે. ભાઈ અને બહેન તેમજ પુરૂષ અને મહિલાને સમાન દરજ્જો આપવામાં આવેલો છે જેમાં હવે ત્રીજી જાતીનો પણ ઉમેરો કરવામાં આવશે અને કાયદેસરના હક્કો, અધિકાર ત્રીજી જાતીને સમાન ધોરણે આપવામાં આવશે કિન્નરોનું સામાજીક બહિસ્કૃત હવે અપરાધ ગણાશે. સામાન્ય નાગરિકોની વસાહતોમાં કિન્નરોને કોઈ ઘર ભાડે શુધ્ધા આપતું નથી કે બાજુમાં કિન્નર રહે તે સામાન્ય લોકોને પસંદ નથી કિન્નરોથી બધા ડરે છે અને સમાજ તેમને ધિક્કારતો આવ્યો છે પરંતુ કાયદાકિય માન્યતા મળતા સામાન્ય લોકોની સમજમાં અને વિચારોમાં પણ સમયજતા પરિવર્તન આવશે તે નક્કી છે. સરકારી નોકરીઓમાં પણ તેમને અનામત આપવામાં આવશે.

ભારતમાં કિન્નરોની નોંધાયેલી સંખ્યા ૧૯ લાખ જેટલી છે. છુપા કિન્નરોનો સમાવેશ આ સંખ્યામાં થયેલ નથી. ઘણા કિન્નર, વ્યંઢળો, પાવૈયા ના નામે ઓળખાતા લોકો પોતાની આવી ઓળખ છુપાવી સમાજમાં ફરતા હોય છે વસ્તીગણતરીના ચોપડામાં હવેથી સ્ત્રી, પુરૂષના ખાતાની સાથે ત્રીજી જાતી એ શબ્દ ઉમેરવાથી આગળની વસ્તી ગણતરી દરમ્યાન આ સંખ્યાનો ચોક્કસ આંકડો મળી શકશે.

દેશમાં વસતા કિન્નરોને પોતાના ડ્રાયવીંગ લાયસન્સ, પાસપોર્ટ, રેશનકાર્ડમાં પણ અત્યાર સુધી સ્ત્રી કે પુરૂષ બન્ને જાતીમાંથી એકની પસંદગી કરી ફોર્મ ભરવામાં આવતા હવે આવી ઓળખના આધાર પુરાવામાં ત્રીજી જાતી તરીકે ફોર્મ ભરી ઓળખપત્રો મેળવી શકશે ચૂંટણીકાર્ડમાં પણ આ પ્રકારનો સુધારો ઈલેકશન કમિશ્નર દ્વારા કરવામાં આવશે.

કિન્નરોને અલગ જાતી તરીકે માન્યતા આપતા કેટલાક કાયદાકિય પ્રશ્નો પણ ઉભા થશે તે અંગે અલગ કાયદાકિય નિષ્ણાંત વ્યકિતની કમીટી બનાવી સુધારા-વધારા કાયદામાં પણ કરવા પડશે. ઈન્ડીયન પીનલ કોડની કલમ-૩૭૭ મુજબ સજાતીય સંબંધોને ગુનાહિત ગણવામાં આવે છે આ કલમને દિલ્હી હાઈકોર્ટે રદ કરેલ તે સામે સુપ્રિમ કોર્ટે તે બંધારણીય હોવા અંગેનો ચુકાદો આપી કલમ ૩૭૭ માં કોઈ જ ફેરફાર કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં કિન્નરોના સજાતીય સંબંધોને કાયદા દ્વારા માન્યતા આપવી કે કેમ? તે વિકટ પ્રશ્ન છે. હાલ કિન્નરોના સજાતીય સંબંધો પુરવાર થશે તો કલમ ૩૭૭ મુજબ જ કાર્યવાહી કોર્ટ દ્વારા કરવામાં આવશે. કાયદાકિય ઓળખ આપવામાં આવેલ છે પરંતુ કિન્નરોના સજાતીય સંબંધોને હાલમાં માન્યતા આપવામાં આવી નથી.

કિન્નરો હવેથી કાયદેસર રીતે બાળક દતક લઈ શકશે તેનો ઉછેર, શિક્ષણ પોતાની રીતે કરી શકશે તેમજ કિન્નરોને હવેથી ઓબીસી ની કેટેગરીમાં ગણી ઓબીસી ને મળવાપાત્ર તમામ લાભો સરકાર દ્વારા આપવામાં આવશે પરંતુ ઓબીસીનો લાભ લેવા કોઈ પુરૂષ અગર સ્ત્રી કિન્નર ગણવા તૈયાર ના થાય તેવું ધ્યાન સરકારે રાખવું પડશે નહિતર ત્રીજી જાતીના અનામત ધોરણોનો લાભ બનાવટી લોકો મેળવી જશે અને સાચા કિન્નરોને અન્યાય થશે.

ભારતમાં ઘણાબધા રાજયોમાં કિન્નરોના કલ્યાણ માટે વેલફેર પ્રવૃત્તિ ચાલે છે, ટ્રસ્ટો ચાલે છે તેમણે નક્કર કાર્ય કરી સાચા કિન્નરોને લાભ અપાવા પ્રયત્ન કરવા પડશે.

તામીલનાડુએ ઈ.સ. ૨૦૦૮ માં કિન્નરો માટે ટ્રાન્સજેન્ડર વેલફેર બોર્ડની રચના કરવામાં આવી છે. ઈ.સ. ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં પણ સ્ત્રી, પુરૂષ ઉપરાંત અન્ય જાતીનું ખાતું રાખવામાં આવ્યું હતું. જેમાં કિન્નરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મંડલ પંચે ઓબીસી માટે ૨૭ ટકા અનામતની જોગવાઈ કરેલ છે તેમાં કિન્નરોનો પણ ઓબીસીમાં સમાવેશ થતા આ લાભો તેમને મળશે. ૨૦૨૧ ની સાલમાં હવે વસ્તી ગણતરી થશે તેમાં કિન્નરો માટે ત્રીજી જાતીનું ખાતું અલગ રાખવામાં આવતા ચોક્કસ સંખ્યા માલુમ પડશે તથા તેમને આપવામાં આવતા લાભોની માહિતી ટકાવારીમાં ચોક્કસ મળશે.

સુપ્રિમ કોર્ટે કિન્નરો પ્રત્યે કરવામાં આવેલો અન્યાય દૂર કરેલ છે. હવે સમાજે કિન્નરો પ્રત્યે સહિષ્ણુ બનીને તેમની સાથે થઈ રહેલા અન્યાયને દૂર કરવો પડશે અને સમાન તકો આપવી પડશે કિન્નરો પણ હવે સામાન્ય જીંદગી જીવી શકશે.

વૈયા એ મધ્યમ કદનું ચકલીથી મોટું અને આપણે ત્યાં કાબરો કરતાં નાના કદનું પક્ષી છે, તેમના નર-માદાના કદમાં ફેરફાર જોઈ શકાય છે, મજબૂત પગ મોટે ભાગે જમીન પર ચાલવાની - રહેવાની ટેવ ધરાવતું આ પક્ષી ખાવા માટે ઘણીવાર જમીન પર જોવા મળે છે

વિદેશી વૈયા વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

આપણાં ત્યાં ભારત દેશમાં યાયાવર એટલે કે બહારથી આવતાં વિદેશી મહેમાન પક્ષીઓની આપણાં દેશમાં લાંબામાં લાંબો સમય રહેવાવાળા પક્ષીની જાત વિશે વાત કરવાની હોય તો તેમાં "વૈયા"ઓનું નામ લઇ શકાય. વૈયા કે જેનું અંગ્રેજી નામ "રોઝી સ્ટારલીંગ" (Rozy starling) છે, તેના શરીર પરનાં ગુલાબ જેવા આછા ગુલાબી રંગને કારણે તેનું આ નામ રખાયેલું છે. આપણે ત્યાં જોવા મળતી કાબરો, ઘોડાકાબરો, બ્રાહ્મણી કાબરોનાં કુટુંબનું જ આ પક્ષી છે. આ પક્ષીના કુટુંબની અન્ય જાતો પણ જોવા મળે છે. આપણે કાબરોને 'મેના' ના નામથી ઓળખીએ છીએ. આપણે ત્યાં મોટાભાગે બોલાતું હોય છે કે "તોતા-મૈનાની જોડી" કે "તોતા-મેનાની કહાની" જેમાં તોતા એટલે કે પોપટ અને મેના એટલે કે પોપટી એવું નર-માદાની જોડીની ધારણા કરાય છે, પરંતુ તેમાં બંને પક્ષીઓ એક-બીજાથી તદ્દન અલગ છે. આપણે મેના અને પોપટ એમ-બે પ્રકારના પક્ષીઓની વાત કરતા હોઇએ છીએ, જે બરાબર નથી.

વૈયા એ મધ્યમ કદનું ચકલીથી મોટું અને આપણે ત્યાં કાબરો કરતાં નાના કદનું પક્ષી છે. તેમના નર-માદાના કદમાં ફેરફાર જોઇ શકાય છે. મજબૂત પગ મોટેભાગે જમીન પર ચાલવાની - રહેવાની ટેવ ધરાવતું આ પક્ષી ખાવા માટે ઘણીવાર જમીન પર જોવા મળે છે. આ પક્ષી મિશ્રાહારી છે જે ફળો ઉપરાંત કીટકો પણ ખાય છે. તે વૃક્ષોની ઝાડીઓમાં રહેવાનું ઓછું પસંદ કરે છે. ખુલ્લા આછી ઝાડીઓવાળા વિસ્તારોમાં ફરવું તે વધુ પસંદ કરે છે. આ કુટુંબના પક્ષીઓ માનવ વસાહતોની નજીક રહેવાનું વધુ પસંદ કરે છે. માનવઘરોમાંથી નીકળતો એઠવાડ અને અન્ય ખાદ્ય પદાર્થો આ પક્ષીઓને ખાવા પસંદ છે. ઘણી જગ્યાઓએ સ્થાનિક કાબરોને જે રીતે ગાઠીયા - ફરસાણ ખવડાવવામાં આવે છે તે રીતે જ આ યાયાવર વિદેશી વૈયાઓને પણ ગાંઠીયા ખવડાવવામાં આવે છે તેઓને ખુબ જ ભાવે છે.

આ કુટુંબના પક્ષીઓ દિવાલોના પોલાણો, જમીનની ભેખડો-દર, ખડકોના પોલાણો વગેરેમાં તેમના માળાઓ કરવાનું પસંદ કરે છે. આપણે ત્યાં આ પક્ષીઓ શિયાળાની ઋતુમાં આગમનના સમયથી જ આવી જાય છે અને છેક ઉનાળાના અંત સુધી રોકાય છે અને પોતાના પુર્વીય યુરોપ પ્રદેશ વતનમા પરત પ્રસ્થાન કરે છે.

આપણે ત્યાં આ પક્ષીઓ એટલી મોટી સંખ્યામાં આવે છે કે આપણે તેને જોયા ન હોય તેવું ના બને. મોટા ભાગના લોકો તેને સ્થાનિક પક્ષી જ સમજે છે. આપણા ત્યાંના બગીચાઓ, રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશનો જેવા જાહેર સ્થળોએ ટોળાબંધ જોવા મળતાં આ પક્ષીઓની હાજરી નોંધનીય બને છે. જ્યારે ખોરાક ચણતાં હોય, વૃક્ષો પર બેઠા હોય કે ઉડતા હોય ત્યારે તેઓ એકબીજા સાથે બોલીને સંપર્ક જાળવી રાખે છે. આ પક્ષીઓ આ રીતે ખુબ જ સામાજિક જીવન જીવે છે. જલીય પક્ષીઓને સામાન્ય રીતે આપણે મોટા સમૂહમાં/ટોળીમાં રહેતા જઇએ છીએ પરંતુ સ્થલીય પક્ષીઓ આટલા મોટા સમૂહમાં હોય તેવું ખુબ ઓછું જોવા મળે છે.

વૈયા પક્ષીઓના મોટા ટોળાને અંગ્રેજીમાં "મરમરેશન" (Murmuration) કહે છે. એક અભ્યાસ પ્રમાણે હાલમાં વિશ્વમાં આ પક્ષીઓની સંખ્યા ૨૫ લાખથી વધુ હોવાનો અંદાજ છે.

આ પક્ષીઓ ૧૫ થી ૨૦ પ્રકારના જુદા જુદા અવાજો કાઢે છે. આ પક્ષીઓ અન્ય લશ્કરી કવાયતની કરતા હોય તેમ એક જ દિશામાં, એક જ ઝડપથી અને એક જૂથ બનીને ઉડતાં જોવા તે એક લ્હાવો છે. પોતાના વાસસ્થાન (રૂસ્ટીંગ) સ્થળે સંધ્યાકાળે પહોંચે ત્યારે અને વાસસ્થાનેથી વહેલી સવારે બહાર જવાની તૈયારી કરતાં હોય તે પહેલાં તેઓનું આ "ઉડાન નૃત્ય" લયબદ્ધ રીતે શરૂ થાય છે. જે અડધા પોણા કલાક જેવું ચાલે છે.

આ પક્ષીઓ જે જગ્યાએ રૂસ્ટીંગ કરે છે ત્યાં વૃક્ષો, ઇલેકટ્રીક-ટેલિફોનના વાયરો કે મેદાન આખા તેમની હાજરીથી ભરાઇ જાય છે.

બહારના પ્રદેશમાંથી ખુબ જ મોટી સંખ્યામાં આવતાં હોઇ સ્થાનીક પક્ષીઓ માટે આ પક્ષીઓ હરીફ બને છે જેમાં ખાસ કરીને ખોરાક અને જગ્યાની હરિફાઇ થાય છે પરિણામે આ પક્ષીઓ આક્રમણકારી (Invasive) કહેવામાં આવે છે, તેમની મોટી સંખ્યાનાં કારણે આ વાત સાચી પણ જણાય છે.

બીજી તરફ આ વૈયા પક્ષીઓ ખેતીને હાનિકારક એવા તીડ જેવા કીટકોનો સફાયો કરે છે. ખેતીને હાનિકારક એવા અન્ય કીટકો-ઇયળો પણ તે મોટા પ્રમાણમાં ખાઇ જાય છે. આ કારણે ખેડૂતો આ પક્ષીઓના આગમનની રાહ જુએ છે અને તે ખેતરોમાં આવે એટલે તેઓ આનંદીત થઇ જાય છે. ચીન જેવા દેસમાં ખેડૂતો આ પક્ષીઓની બનાવટી માળાઓ તેમના ખેતરોમાં બનાવીને આ પક્ષીઓને આકર્ષે છે અને તેમની મદદથી મફતમાં પ્રાકૃતિક રીતે કીટ્કોનો નાશ કરે છે.